# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
## ૪/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
## ગાંધીનગર

# માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫
# હેઠળનું કચેરીનું
# પ્રોએકટીવ ડીસ્કલોઝર
## તા.૧/૫/૨૦૧૬ની સ્થિતીએ

## :: નિયમ સંગ્રહ–૧ ::

## મંડળની વિગતો કાર્ય અને ફરજો :–

### ૧ મંડળની રચનાનો ઉદ્દેશ :

રાજય સરકાર ધ્વારા , રાજય સરકાર હેઠળના વર્ગ–૩ ના સંવર્ગોની જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોનુસાર, સીધી ભરતીથી સ્પર્ધાત્મક પરીક્ષા/મૌખિક પરીક્ષા યોજી ખાલી જગ્યા ભરવા માટેની કામગીરી મંડળને સોંપવામાં આવી. સમયાનુસાર રાજય સરકાર હેઠળના વિભાગો/ખાતાના વડાઓમાંની વર્ગ–૩ ના તાંત્રિક સંવર્ગોની જગ્યાઓ ભરવા અંગેની કામગીરી, સ્વર્ગસ્થ સરકારી કર્મચારીઓના આશ્રિત પરિવારના સરકારી નોકરી અંગેની લાયકાત ધરાવતાં કોઈ એક સભ્યને રહેમરાહે નોકરી અને રાજય સરકાર હેઠળના વિભાગો / ખાતાઓમાંની વર્ગ–૩ ની તમામ સંવર્ગોની ખાતાકીય પરીક્ષાઓ લેવા અંગેની કામગીરી પણ મંડળને સોંપવામાં આવેલ છે.

### ૨ મંડળનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ :–

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૨૧–૩–૮૮ ના ઠરાવ ક્રમાંકઃ કેબીવાય–૧૧૮૬–૧૬૧૫–ગ.૩ થી **"સ્ટાફ સીલેકશન કમિશન"** ની તેમાં નિયત કરેલ કાર્યો બજાવવા માટે રચના કરવામાં આવી હતી. સા.વ.વિભાગના તાઃ ૨૨–૧૧–૧૯૮૮ ના ઠરાવ ક્રમાંકઃ કેબીવાય–૧૧૮૬–૧૬૧૫–ગ.૩ થી આ કમિશનના નામને, તેની કામગીરી, કાર્યક્ષેત્ર વગેરે બાબતો લક્ષમાં લેતાં, વધુ સ્પષ્ટ બનાવવાના હેતુથી તેનું નામ **"ગુજરાત કર્મચારી પસંદગી મંડળ"** "GUJARAT STAFF SELECTION COMMISSION" રાખવાનું ઠરાવવામાં આવ્યુ હતું . પરંતુ રાજયમાં **"ગુજરાત જાહેર સેવા આયોગ"** નામનું આયોગ અસ્તિત્વમાં હોઈ, એક જ હેતુ માટે બે આયોગ હોઈ ન શકે, તેથી સા.વ.વિભાગના તા.૧–૫–૧૯૯૦ ના ઠરાવ ક્રમાંકઃ કેબીવાય– ૧૦૮૮–૨૨૪૧–ગ.૩ થી મંડળનું નામ "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ" , "GUJARAT SUBORDINATE SERVICES SELECTION BOARD " રાખવામાં આવ્યું છે. આ કચેરી ખાતાના વડાની કચેરીનો દરજજો ધરાવે છે.

### ૩. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ફરજો :–

બિન સચિવાલય સંવર્ગની વર્ગ–૩ ની સીધી ભરતીથી ભરાતી જગ્યાઓ ભરવાની, રાજય સરકાર હેઠળના વિભાગો/ખાતાના વડાઓની કચેરીઓની વર્ગ–૩ ની તાંત્રિક સંવર્ગોની જગ્યાઓ ભરવાની, રાજય સરકાર હેઠળના તમામ વિભાગો/ખાતાના વડાઓની કચેરીઓના વર્ગ–૩ ની તમામ સંવર્ગોની ખાતાકીય પરીક્ષાઓ યોજવી વિગેરે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૫/૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ–રહમ/ ૧૦૨૦૦૯/ ૧૬૫૧/ક થી રાજય સરકારે ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને રહેમરાહે નોકરી આપવાની યોજના બંધ કરી ઉચ્ચક રોકડ સહાય આપવાની યોજના શરુ કરેલ હોઈ, મંડળે રહેમરાહે નોકરી અંગેની કામગીરી કરવાની રહેતી નથી. વળી ઉચ્ચક રોકડ સહાયની ચુકવણી પણ જે તે ખાતાના વડાએ કરવાની રહેતી હોવાથી મંડળે આ બાબતે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. હાલ માત્ર રહેમરાહે નિમણૂંક અંગેના કોર્ટના ચુકાદા અન્વયે કોઈ અરજદારને નોકરી આપવાની થતી હોય તો માત્ર તેવા ઉમેદવારોની ફાળવણી મંડળે કરવાની રહે છે.

### ૪. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની મુખ્ય પ્રવૃત્તિઓ / કાર્યો :–

સરકારશ્રીના જુદા જુદા વિભાગોમાં તેમજ વિવિધ ખાતાની કચેરીઓમાં આવેલ જુદી જુદી જગ્યાઓ (બિન રાજયપત્રિત) ઉપર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા પસંદગી કરાયેલા ઉમેદવારોની નિમણુંક કરવામાં આવે છે. આ અંગે સરકારશ્રી ધ્વારા મંડળને માંગણીપત્રક મોકલવામાં આવે ત્યારે મંડળ ધ્વારા માંગણીપત્રકમાં સુચવ્યા પ્રમાણેની વર્ગ–૩ ની જગ્યાઓ અંગે રાજયના અગ્રગણ્ય અખબારોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે ધ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા /મૌખિક પરીક્ષા ધ્વારા ઉમેદવારોની પસંદગી કરવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે તથા હવેથી નેશનલ ઈન્ફરમેટીક સેન્ટર, ગુજરાત ધ્વારા વિકસાવવામાં આવેલ **OJAS** સોફટવેર મારફત ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવે છે.

મંડળ ધ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા /મૌખિક પરીક્ષા યોજીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે. અને ત્યારબાદ પસંદગી કરાયેલા ઉમેદવારોના નામની ભલામણ સરકારશ્રીને કરવામાં આવે છે.

મંડળને જે મહત્વની કામગીરી સોંપવામાં આવે છે તેની વિગતો સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૭–૭–૯૯નાં સરકારી ઠરાવ ક્રમાંકઃકપઅ–૧૦૯૭ – મુમ–પર–ગ.૪ અન્વયે નીચે મુજબની કામગીરી સોંપવામાં આવેલ છે :–

(ક) ગૃહ વિભાગ હેઠળના પોલીસ ખાતાના સિવિલિયન સ્ટાફમાં હેડ કલાર્ક વર્ગ–૩ અને સીનિયર કલાર્ક વર્ગ–૩ ની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવાની કામગીરી.

(ખ) માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળના માહિતી ખાતાની ભાષાંતરકાર વર્ગ–૩ ની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવાની કામગીરી.

(ગ) નાણાં વિભાગ હેઠળના હિસાબ અને તિજોરી નિયામકના નિયંત્રણ હેઠળની વર્ગ–૩ ની જગ્યાઓ જેવી કે ગ્રૃપ–૧ઃ હિસાબનીશ, અધિક્ષક ઓડીટર, પેટા તિજોરી અધિકારીની જગ્યાઓ, ગૃપ–૨ઃ નાયબ હિસાબનીશ, નાયબ ઓડિટર, પેટા તિજોરી અધિકારીની જગ્યાઓ, ગ્રૃપ–૩ઃ પેટા હિસાબનીશ, સબ ઓડિટર અને ડેટા એન્ટ્રી મશીન ઓપરેટરની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવાની કામગીરી.

(ઘ) ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકારમાં ન હોય તેવી સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓમાં વર્ગ–૩ ની જગ્યાઓ સહિતની રાજયની તાંત્રિક અને બિનતાંત્રિક તમામ વર્ગ–૩ ની જગ્યાઓ પર ભરતી માટે ઉમેદવારો પસંદ કરવાની સઘળી કામગીરી.

(ચ) તદ્ઉપરાંત સરકારશ્રી ધ્વારા વર્ગ.૩ની જે ભરતી કામગીરી સોંપવામાં આવે તે.

(છ) સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓમાં વર્ગ–૩ ની તમામ જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓ યોજવાની સઘળી કામગીરી.

૫. મંડળ ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ.

મંડળ ધ્વારા **On Line Application** મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૬. મંડળની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઃ લોકો વિશેષ કરીને ઉમેદવારો મંડળની **Website http: // gsssb.gujarat.gov.in** નો માહિતી મેળવવા માટે **અને On Line Application** માટે **http: //ojas.guj.nic.in**નો ઉપયોગ કરે એ અપેક્ષિત છે.

૭. લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ : –

મંડળની કામગીરીનો પ્રકાર જોતાં આવી ગોઠવણ જરૂરી નથી.

૮. સેવા આપવાના દેખરેખ, નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્રઃ–

મંડળની કામગીરીનો પ્રકાર જોતાં આવું નિયંત્રણ કે ફરિયાદ નિવારણ તંત્ર જરુરી જણાતું નથી. અરજદારની રજુઆત અંગે મંડળ ધ્વારા રજુઆતના ગુણદોષના આધારે ચકાસણી કરીને અરજદારને યોગ્ય પ્રત્યુત્તર આપવામાં આવે છે.

અરજદારો (જનતા) તેમની રજુઆત અંગે મંડળના સચિવશ્રીને કામના દિવસોએ (સોમવાર અને ગુરૂવારે)કચેરી સમય દરમિયાન ૧૧ થી ૬ કલાક દરમિયાન મળી શકે છે. સૂચન પેટી પણ રાખવામાં આવેલ છે.

૯. ૧. મુખ્ય કચેરીનું સરનામુંઃ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગુજરાત રાજય, બ્લોક નં.૪, પ્રથમ માળ,
ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર–૧૦,ગાંધીનગર–૩૮૨૦૧૦

૧૦. જુદા જુદા સ્તરે મંડળની કોઈ કચેરી નથી.

૧૧. કચેરી શરુ થવાનો સમય :– ૧૦.૩૦
કચેરી બંધ થવાનો સમયઃ– ૬.૧૦

# :: નિયમ સંગ્રહ–૨ ::

## ૧ મંડળના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો :–

### (૧) અધ્યક્ષશ્રી :–

મંડળના અધ્યક્ષની સત્તાઓ અને ફરજો નીચે પ્રમાણે છે.

૧. સબંધિત સત્તાધિકારીઓ પાસેથી વર્ગ–૩ માં ભરતી કરવાની જગ્યાઓની માહિતી વખતો વખત ભેગી કરવી.

૨. સ્પર્ધાત્મક પરીક્ષા અથવા ઈન્ટર્વ્યુ કે અન્ય રીતે ઉમેદવારોની પસંદગી કરવી.

૩. પસંદ થયેલ ઉમેદવારોના નામોની સંબંધિત સત્તાધિકારીઓને ભલામણ કરવી.

૪. મંડળ ધ્વારા કરાયેલ નિમણુંકોનું રેકર્ડ જાળવવું.

૫. મંડળની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગને રજુ કરવો.

૬. સરકાર ધ્વારા સોંપવામાં આવતી ખાતાકીય પરીક્ષાઓનું સંચાલન કરવું.

૭. સરકાર ધ્વારા વખતોવખત સોંપવામાં આવે તેવી અન્ય કામગીરી.

### (૨) સભ્ય :–

મંડળના સભ્યશ્રીની સત્તાઓ અને ફરજો નીચે પ્રમાણે રહેશે.

૧. ભરતી પ્રક્રિયા, પરીક્ષા અને ઈન્ટર્વ્યુના સંચાલનમાં અધ્યક્ષશ્રીને મદદ કરવી.

૨. અધ્યક્ષશ્રી ધ્વારા સોંપવામાં આવે તેવી અન્ય ફરજ.

### (૩) સચિવ :–

મંડળના સચિવશ્રીની સત્તાઓ અને ફરજો નીચે મુજબ રહેશે.

૧. જાહેરાત / ઓનલાઈન ધ્વારા અરજીઓ મંગાવવી.

૨. જાહેરાત / ઓનલાઈનનાં સંદર્ભે મળેલ અરજીઓની ચકાસણી કરવી.

૩. ખાતાના વડા તરીકે વહીવટી અને નાણાકીય સત્તાઓ ભોગવશે.

૪. મંડળ ધ્વારા યોજવામાં આવતી સીધી ભરતી અને ખાતાકીય પરીક્ષામાં વહીવટી અને નાણાંકીય સંચાલન કરીને ઈન્ફ્રાસ્ટ્રકચર/સગવડો પુરી પાડવી.

### ૪.૧ નાયબ સચિવ (મહેકમ) : –

૧. મંડળની કચેરીનાં મહેકમ વિષયક પ્રશ્નોને લગતી કામગીરી (ક–શાખા)

૨. મંડળની કચેરીનો રેકર્ડરૂમ નિભાવવો.

### ૪.૨ નાયબ સચિવ (પરીક્ષા) : –

૧. મંડળની ' ખ ' શાખા ધ્વારા રજુ કરવામાં આવતા બિનતાંત્રિક સંવર્ગ–૩ની જગાઓમાં સીધી ભરતી પ્રક્રિયાના માંગણાપત્રકો અન્વયે ઠરાવેલ ભરતી/પરીક્ષા નિયમો અન્વયે ભરતી

પ્રક્રિયા પૂર્ણ કરવામાં મંડળને વહીવટી માળખું, ઈન્ફ્રાસ્ટ્રકચર ,જરૂરી ખર્ચ માટે ગ્રાંટ વિગેરેનું આયોજન કરીને સચિવશ્રી/મંડળની મંજૂરી મેળવવી અને પરિણામો જાહેર કરીને નિમણૂંક માટે ભલામણો કરવા મંડળની સૂચના/આદેશ મુજબની કામગીરી કરવી.

૨. બિન તાંત્રિક પ્રકારની વર્ગ–૩ ની જગ્યાઓમાં સીધી ભરતી માટે પ્રક્રિયામાં વહીવટી અને નાણાંકીય બાબતે મંડળને ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવું, જરૂરી આયોજન કરીને સચિવશ્રીની/મંડળની મંજૂરી મેળવવી.

**૪.૩ <u>નાયબ સચિવ (તાંત્રિક પરીક્ષા)</u> :–**

૧. મંડળની ' ખ.૧' શાખા ધ્વારા રજુ કરવામાં આવતી સીધી ભરતીનાં માંગણાપત્રકોની ફાઈલોની ચકાસણી કરી સચિવશ્રીને રજુ કરવી.

૨. તાંત્રિક પ્રકારની વર્ગ–૩ ની જગ્યાઓમાં સીધી ભરતી માટેની પ્રક્રિયામાં મંડળને વહીવટી માળખું,ઈન્ફ્રાસ્ટ્રકચર,પરીક્ષાલક્ષી ખર્ચ માટે/અન્ય ખર્ચ માટે જોઈતી ગ્રાંટ વિગેરેનું આયોજન કરીને સચિવશ્રી/મંડળની મંજૂરી મેળવવી અને ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવી.

**૪.૪ <u>નાયબ સચિવ(ખાતાકીય પરીક્ષા)</u> :–**

૧. ખાતાકીય પરીક્ષાના કેસોની ફાઈલોની ચકાસણી કરી સચિવશ્રીને રજુ કરવી.

૨. વર્ગ–૩ ના કર્મચારીઓ માટેની ખાતાકીય પરીક્ષાઓના સંચાલનમાં મંડળને વહીવટી માળખું, ઈન્ફ્રાસ્ટ્રકચર, ગ્રાંટ વિગેરેનું આયોજન કરીને સચિવશ્રી/મંડળની મંજૂરી મેળવીને ખાતાકીય પરીક્ષા પૂર્ણ કરીને મંડળના આદેશ મુજબ પરિણામ જાહેર કરવું.

**૪.૫ <u>હિસાબી અધિકારીશ્રી(વર્ગ.૧)</u> : –**

૧. મંડળની કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેની કામગીરી(રોકડ શાખા)

૨. મંડળનાં બજેટના અંદાજો દર વર્ષે તૈયાર કરીને સામાન્ય વહિવટ વિભાગ મારફત નાણાં વિભાગમાં રજૂ કરીને મંજૂરી મેળવવી.

૩. મંડળની કચેરીના કર્મચારીઓની સેવાપોથી અદ્યતન રાખવાની કામગીરી.

**૫.** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કચેરીના સર્વોચ્ચ વડા તરીકે અધ્યક્ષશ્રી છે અને અન્ય બે સભ્યશ્રીઓ છે. અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓની નિમણુંક સરકારશ્રી ધ્વારા કરવામાં આવે છે. અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓના હોદ્દાની મુદત છ વર્ષ અથવા તો ૬૨ વર્ષની ઉંમર પુર્ણ થાય તે બે માંથી જે વહેલું હોય તેટલી રહે છે.

હાલમાં, શ્રી અસિતભાઈ વોરા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષશ્રી તરીકેનો હોદ્દો તારીખઃ ૩–૨–૨૦૧૪થી સંભાળી રહેલ છે.મંડળના સભ્યશ્રી તરીકે શ્રી જે.એમ.ઝાલા તથા શ્રી એસ.આર.ઐયર છે.મંડળના સચિવ તરીકે સચિવાલય સેવાના

નાયબ સચિવ સંવર્ગના કે એકસ કેડર સંવર્ગના ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ ના અધિકારી હોય છે.

હાલમાં, શ્રી પી.ડી.પલસાણા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ તરીકે તાઃ ૨૩–૯–૨૦૧૩ થી હોદ્દો સંભાળી રહેલ છે.

આ ઉપરાંત મંડળમાં હાલમાં સચિવાલય સેવાના ૧ નાયબ સચિવ, ઉપ સચિવ સંવર્ગના ૨ નાયબ સચિવશ્રીઓ,૧ હિસાબી અધિકારીશ્રી(વર્ગ.૧),તદ્ઉપરાંત ૮ સેકશન અધિકારીશ્રીઓ તેમજ ૧૨ નાયબ સેકશન અધિકારી, ૦૬ ઓફિસ આસીસ્ટન્ટ, ૨ ગુજરાતી સ્ટેનો ,૦૫ ડેટા એન્ટ્રી ઓપરેટર ફરજો બજાવે છે.તેમજ વર્ગ–૪ પટાવાળા તરીકે ૬ કર્મચારીઓ કામ કરે છે. વધુમાં હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગરના મહેકમ હેઠળના ૦૩ પેટા હિસાબનીશ મંડળની કચેરી ખાતે નાયબ સેકશન અધિકારીની ખાલી પડેલ જગ્યા પર પ્રતિનિયુકિત થી નાયબ સેકશન અધિકારી તરીકે ફરજો બજાવે છે.

**મંડળનો વહીવટ : :–**

**ક–શાખા** મંડળના અધિકારીઓ/કર્મચારીઓની સેવા વિષયક તેમજ અન્ય વહીવટને લગતી કામગીરી બજાવે છે.

ખ–શાખા બિન તાંત્રિક પ્રકારની વર્ગ–૩ ની જગ્યાઓમાં ભરતીની પરીક્ષાઓને લગતી કામગીરી.

**ખ.૧ શાખા** તાંત્રિક પ્રકારની વર્ગ–૩ ની જગાઓમાં સીધી ભરતીની પરીક્ષાઓને લગતી કામગીરી

**ગ–શાખા** ખાતાના વડાઓની કચેરીઓના કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાઓને લગતી કામગીરી તથા રહેમરાહે નોકરીની યોજના અંગેના હાઈકોર્ટ કેસો અંગેની કામગીરી.

**રોકડ શાખા** મંડળના અધિકારીઓ/કર્મચારીઓના પગાર ભથ્થા,મંડળના વહીવટી ખર્ચ અને અંદાજપત્રને લગતી કામગીરી.

## ::: નિયમ સંગ્રહ–૩ :::

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિઓ .

- નાણાકિય સત્તા સુપ્રતિ નિયમો , ગુજરાત સરકારના કામકાજના નિયમો અંતર્ગત સત્તા સોંપણીના હુકમો, સામાન્ય વહીવટ વિભાગના ચેનલ ઓફ સબમીશન, કચેરી કાર્યપધ્ધતિ
- નિર્ણય લેવા માટે કેસની યોગ્યતા અને ગુણવત્તા પ્રમાણે ઉપર મુજબના નિયમો પ્રમાણે જુદા જુદા સ્તરે વિચારણા કરી નિર્ણય લેવામાં આવે છે.
- મંડળની વેબસાઈટ પર માહિતી મુકવામાં આવે છે. જરૂર જણાયે વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધિ આપવામાં આવે છે.
- સેકશન અધિકારી / નાયબ સચિવ / હિસાબી અધિકારી / સચિવશ્રી / સભ્યશ્રીઓ / અધ્યક્ષશ્રી
- કેસની ગુણવત્તા આધારે સત્તાની સોંપણી મુજબ
- નિર્ણયથી સંતોષ ન હોય તો જુદા જુદા તબકકે રજૂઆત કરી શકાય છે.

– **નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારીઓ તથા મંડળના હોદ્દેદારો.**

| ક્રમ | નામ | હોદ્દો | ટેલીફોન નંબર ઓફીસ |
|---|---|---|---|
| ૧ | શ્રી અસિતભાઈ વોરા | અધ્યક્ષ | ૨૩૨૫૩૬૩૧ |
| ૨ | શ્રી જે.એમ.ઝાલા | સભ્ય | ૨૩૨૫૩૬૨૧ |
| ૩ | શ્રી એસ.આર.ઐયર | સભ્ય | ૨૩૨૫૬૩૩૧ |
| ૪ | શ્રી પી.ડી.પલસાણા | સચિવ | ૨૩૨૫૩૬૩૦ |
| ૫ | શ્રી પી.એમ.ખાંટ | નાયબ સચિવ (તાંત્રિક પરીક્ષા) | ૨૩૨૫૩૬૨૮ |
| ૬ | શ્રી એ.બી.ગોહિલ | નાયબ સચિવ( ખાતાકીય પરીક્ષા) | ૨૩૨૫૩૬૨૨ |
| ૭ | શ્રી એ.આર.રાવલ | નાયબ સચિવ(પરીક્ષા) | ૨૩૨૫૭૩૦૪ |
| ૮ | શ્રી કે.આર.પરમાર | હિસાબી અધિકારી (વર્ગ–૧)/ નાયબ સચિવ(મહેકમ) ઈન્ચાર્જ | ૨૩૨૫૩૬૨૩ |

– જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી. :–

ગૌણ સેવા પસંદગી મંડળના નિર્ણય સામે અપીલની કોઈ જોગવાઈ નથી. રાજય સરકારમાં રજુઆત કરી શકાય અથવા નામ.ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન થઈ શકે.

## ::: <u>નિયમ સંગ્રહ–૪</u> ::::

મંડળની કામગીરી માટે નકકી કરેલાં ધોરણો.

(૧) મંડળની મુખ્ય કામગીરી વર્ગ–૩માં વિવિધ સંવર્ગની ખાલી જગ્યામાં સીધી ભરતીને લગતી છે. જે કિસ્સામાં સીધી ભરતી સ્પર્ધાત્મક પરીક્ષાથી યોજવાનું ભરતી નિયમોમાં ઠરાવેલ હોય તો તે કિસ્સામાં જે તે વિભાગે જે તે સંવર્ગ માટે નિયત કરેલ ભરતી નિયમો અને પરીક્ષા નિયમોને ધ્યાને રાખીને સીધી ભરતી કરવામાં આવે છે.

(૨) જે કિસ્સામાં સીધી ભરતીની જ ફકત જોગવાઈ હોય તે કિસ્સામાં મંડળ ધ્વારા જગાના પ્રમાણમાં વધુ પ્રમાણમાં અરજીઓ મળેલ હોય તો પ્રાથમિક લેખિત કસોટી ઓ. એમ. આર. પ્રકારની લેવામાં આવે છે, જેના ગુણ આખરી પસંદગીમાં ધ્યાને લેવાતા નથી. તેમજ પ્રાથમિક લેખિત કસોટીના કિસ્સામાં મંડળ ઠરાવે તેટલા લઘુત્તમ લાયકીગુણ પ્રાપ્ત કર્યેથી મૌખિક કસોટી મંડળ ઠરાવે તેટલા ગુણની લેવામાં આવે છે. તેમજ ફકત મૌખિક કસોટીમાં મેળવેલ ગુણને આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરીને કેટેગરીવાર ખાલી જગા સામે લાયક ઉમેદવારોની પસંદગી કરીને પસંદગી યાદી બનાવવામાં આવે છે. તેમજ કુલ ખાલી જગ્યાના ૧૦ % પ્રમાણે પ્રતિક્ષા યાદી કેટેગરીવાર તૈયાર કરવામાં આવે છે.જે પ્રતિક્ષા યાદીનો જે તે સંવર્ગની નવી જાહેરાત અન્વયે પસંદગી યાદી બહાર પડે તે અગાઉના દિવસે અંત આવે છે.

(૩) વર્ગ–૩ ના વિવિધ સંવર્ગમાં બઢતી માટેની જરૂરી ખાતાકીય પરીક્ષા જે તે વિભાગે ઠરાવેલ નિયમો મુજબ લેખિત પરીક્ષા યોજીને ઠરાવેલ ગુણ પ્રાપ્ત કરેલ ઉમેદવારને પાસ જાહેર કરવામાં આવે છે.

## **:::: નિયમ સંગ્રહ–૫ :::**

કામગીરી કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો.

૧. ચાલુ નોકરીએ અવસાન પામેલ રાજય સેવાના કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નિમણુંક આપવા માટે મળેલી દરખાસ્તોનો નિકાલ કરવા માટે સામાન્ય વહીવટ વિભાગ તથા ખાનગી પત્રો ધ્વારા મળેલ સુચનાઓ ધ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો/ભરતી નિયમોનો ઉપયોગ કરવાનો હોય છે, જેની નકલો સામાન્ય વહીવટ વિભાગમાંથી ઉપલબ્ધ થઈ શકે છે. સામાન્ય વહીવટ વિભાગે તેના તા.૫/૭/૨૦૧૧ના ઠરાવથી રહેમરાહે નોકરી આપવાની યોજના રદ કરી ઉચ્ચક રોકડ સહાય આપવાની નવી યોજના શરુ કરેલ છે. તેથી હવે મંડળ કોઈને રહેમરાહે નોકરી આપતું નથી. આ ઠરાવ સામાન્ય વહીવટ વિભાગમાંથી ઉપલબ્ધ થઈ શકે છે.

૨. વર્ગ–૩ માં સીધી ભરતી માટેની પ્રક્રીયા માટે સંબંધીત વિભાગે બનાવેલ ભરતી અને પરીક્ષા નિયમોને આ કચેરીએ અનુસરવાના હોય છે, જે નકલો સંબંધિત વિભાગ પાસેથી મેળવવાની રહે છે.

૩. વર્ગ–૩ માં ખાતાકીય પરીક્ષા માટે સંબંધીત વિભાગે બનાવેલ ખાતાકીય પરીક્ષાના નિયમોને આ કચેરીએ અનુસરવાના હોય છે. ખાતાકીય પરીક્ષામાં પરીક્ષાર્થીઓને જરુરી ઉપયોગ અર્થે જરુરી પુસ્તકો જે તે કચેરી ધ્વારા પુરા પાડવામાં આવે છે. પરીક્ષાના નિયમોની નકલ જે તે વિભાગ પાસેથી મેળવવાની રહે છે.

## ::: <u>નિયમ સંગ્રહ–૬</u> ::.:

### જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક.

| અ. નં. | દસ્તાવેજની કક્ષા | દસ્તાવેજનું નામ તથા તેની એક લીટીમાં ઓળખાણ | દસ્તાવેજ મેળવવાની કાર્યવાહી | નીચેની વ્યકિત પાસે છે/તેના નિયંત્રણમાં છે. |
|---|---|---|---|---|
| ૧. | રહેમરાહે નિમણુંક માટેના નિતીવિષયક ઠરાવો/ભરતી નિયમો/ ખાનગી પત્રો | –– | –– | સામાન્ય વહીવટ વિભાગ,બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર |
| ૨. | બિનતાંત્રિક વર્ગ–૩ ની જગ્યાઓની સીધી ભરતીને લગતા ભરતી પરીક્ષા નિયમો | – | – | જે તે સંબંધિત વહીવટી વિભાગ |
| ૩. | બિનતાંત્રિક વર્ગ–૩ની ભરતીની જાહેરાતને લગતી વિગતો/અરજીપત્રક/ પરિણામ પત્રક/પરીક્ષા નો કાર્યક્રમ અને ગુણ ચકાસણી | –– | –– | સેકશન અધિકારીશ્રી–ખ શાખા, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ |
| ૪. | તાંત્રિક વર્ગ–૩ ની જગ્યાઓની સીધી ભરતી ને લગતા ભરતી/ પરીક્ષા નિયમો | – | – | સંબંધિત વહીવટી વિભાગ |
| ૫. | તાંત્રિક વર્ગ–૩ ની ભરતી, જાહેરાતને લગતી વિગતો/ અરજીપત્રક/પરિણામ પત્રક/ પરીક્ષાનો કાર્યક્રમ અને ગુણ ચકાસણી | – | – | સેકશન અધિકારીશ્રી–ખ.૧ શાખા, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ |
| ૬. | ખાતાકીય પરીક્ષાને લગતા ઠરાવો/નિયમો | – | – | સંબંધિત વહીવટી વિભાગ |
| ૭. | ખાતાકીય પરીક્ષાને લગતા પરીક્ષા કાર્યક્રમ/પરિણામ/ ગુણપત્રક/ગુણ ચકાસણી | – | – | સેકશન અધિકારીશ્રી,ગ–શાખા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ |
| ૮. | ઠરાવ/પરિપત્ર | બઢતી માટે ખાતાકીય પરીક્ષા | સરકારી કર્મચારી/ અધિકારીને જરુર પડતી હોય તો સંબંધિત અધિકારી / કર્મચારી પોતાની ઓફીસમાંથી મેળવી શકશે. | મુખ્ય ઠરાવ સામાન્ય વહીવટ વિભાગ પાસે ઉપલબ્ધ થઈ શકશે. |
| ૯. | પરિપત્ર | ગુણ ખરાઈ બાબતે | ––ઉપર મુજબ –– | ––ઉપર મુજબ–– |

## :::: <u>નિયમ સંગ્રહ–૭</u> ::::

નીતિ ઘડતર અથવા અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ–પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત

૫.૧ **<u>નીતિ ઘડતર :–</u>**

આ મંડળે નીતિ ઘડતરની કોઈ કામગીરી કરવાની હોતી નથી.

૫.૨ **<u>નીતિનો અમલ :</u>**મંડળની કામગીરીનો પ્રકાર જોતાં નીતિઓના અમલ માટે જનતાની અથવા તેમના પ્રતિનિધિઓની સલાહ,પરામર્શ કે સહભાગીદાર મેળવવાની હાલ કોઈ જોગવાઈ નથી.

## :::: <u>નિયમ સંગ્રહ–૮</u> :::::

**સત્તા મંડળના ભાગ તરીકે રચાયેલ બોર્ડ ,પરિષદ ,સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક**

**૧.** **આ મંડળના ભાગ તરીકે કોઈ બોર્ડ,પરિષદ,સમિતિ કે સંસ્થા રચવામાં આવેલ નથી.**

## ::: નિયમ સંગ્રહ –૯ :::
## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી–પુસ્તિકા(ડિરેકટરી)

| અનુ.નં | નામ | હોદ્દો | ફોન નંબર | મંડળમાં નિમણુંકની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શ્રી અસિતભાઈ વોરા | અધ્યક્ષ | ૨૩૨ ૫૩૬૩૧ | ૦૩/૨/૨૦ ૧૪ |
| ૨ | શ્રી જે.એમ.ઝાલા | સભ્ય | ૨૩૨ ૫૩૬૨૧ | ૧૬–૦૪– ૨૦૧૩ |
| ૩ | શ્રી એસ.આર.ઐયર | સભ્ય | ૨૩૨ ૫૬૩૩૧ | ૧૯–૧૧–૨૦૧૪ |
| ૪ | શ્રી પી.ડી.પલસાણા | સચિવ | ૨૩૨ ૫૩૬૩૦ | ૨૩–૯– ૨૦૧૩ |
| ૫ | શ્રી પી.એમ.ખાંટ | નાયબ સચિવ (તાંત્રિક પરીક્ષા) | ૨૩૨૫૩૬૨૮ | ૧૩–૭–૨૦૧૫ |
| ૬ | શ્રી એ.આર.રાવલ | નાયબ સચિવ (પરીક્ષા) | ૨૩૨૫૭૩૦૪ | ૨૩–૨–૨૦૧૫ |
| ૭ | શ્રી એ.બી.ગોહિલ | નાયબ સચિવ (ખાતાકીય પરીક્ષા) | ૨૩૨૫૩૬૨૨ | ૧–૧–૨૦૧૬ |
| ૮ | શ્રી કે.આર.પરમાર | હિસાબી અધિકારી/ઈન્ચાર્જ નાયબ સચિવ (મહેકમ) | ૨૩૨૫૩૬૨૩ | ૧–૭– ૨૦૦૮ |
| ૯ | શ્રી એચ.એન.ત્રિવેદી | સે.અ (ક શાખા) | ૨૩૨૫૩૩૬૮ | ૩–૧૦–૨૦૧૨ |
| ૧૦ | શ્રી આર.જે.સોલંકી | સે.અ. (ખ શાખા) | ૨૩૨૫૩૬૨૭ | ૧–૧–૨૦૧૦ |
| ૧૧ | શ્રી આર.આઈ.ઠકકર | સે.અ. (ખ શાખા) | ૨૩૨૫૩૬૨૭ | ૧૬–૧–૨૦૦૧ |
| ૧૨ | શ્રી કે.કે.પટેલ | સે.અ. (ખ શાખા) | ૨૩૨૫૩૬૨૭ | ૩૦/૮/૨૦૧૩ |
| ૧૩ | શ્રી બી.વી.કંસારા | સે.અ. (ખ શાખા) | ૨૩૨૫૩૬૨૭ | ૩૧/૧/૨૦૧૫ |
| ૧૪ | શ્રી ડી.એન.ગામીત | સે.અ. (ખ –૧ શાખા) | ૨૩૨૫૬૩૩૦ | ૧૬/૭/૨૦૧૩ |
| ૧૫ | શ્રી એસ.કે.દાતણીયા | સે.અ. (ખ –૧ શાખા) | ૨૩૨૫૬૩૩૦ | ૩૧/૧/૨૦૧૫ |
| ૧૬ | શ્રી એ.એસ.દેસાઈ | સે.અ.(ગ શાખા) | ૨૩૨ ૫૩૬૨૬ | ૩૧–૧–૨૦૧૫ |
| ૧૭ | શ્રી પી.એચ.ઠકકર | ના.સે.અ. 'ક' શાખા | ૨૩૨૫૩૩૬૮ | ૨૦–૯– ૨૦૦૭ |
| ૧૮ | શ્રી આર.એ.વાઘેલા | ના.સે.અ ' ક' શાખા | ૨૩૨ ૫૩૩૬૮ | ૨૭–૪– ૨૦૧૦ |
| ૧૯ | શ્રી એમ.જી.ડોડીયા | ના.સે.અ ' ખ' શાખા | ૨૩૨ ૫૩૬૨૭ | ૨૯–૪– ૨૦૧૦ |
| ૨૦ | શ્રી જે.પી.ચૌહાણ | ના.સે.અ ' ખ' શાખા | ૨૩૨ ૫૩૬૨૭ | ૨૫/૫/૨૦૧૫ |
| ૨૧ | શ્રી પી.ઓ.જાની | ના.સે.અ ' ખ' શાખા | ૨૩૨ ૫૩૬૨૭ | ૧૦/૩/૨૦૧૬ |
| ૨૨ | શ્રી કે.એન.ગુર્જર | ના.સે.અ ' ખ' શાખા | ૨૩૨ ૫૩૬૨૭ | ૧૦/૩/૨૦૧૬ |
| ૨૩ | શ્રી આર.આર.દાતણીયા | ના.સે.અ ' ખ' શાખા | ૨૩૨ ૫૩૬૨૭ | ૭/૫/૨૦૧૫ |
| ૨૪ | શ્રી આર.એન.નિનામા | ના.સે.અ ' ખ–૧ ' શાખા | ૨૩૨૫૬૩૩૦ | ૨૯–૫– ૨૦૧૫ |
| ૨૫ | શ્રી વી.એન.દેશમુખ | ના.સે.અ.'ખ.૧ ' શાખા | ૨૩૨૫૬૩૩૦ | ૧૫–૬– ૨૦૦૫ |
| ૨૬ | શ્રી પી.જે.પંડયા | ના.સે.અ ., ગ–શાખા | ૨૩૨૫૩૬૨૬ | ૪–૪– ૨૦૧૦ |
| ૨૭ | શ્રી પી.જી.બારીયા | ના.સે.અ.'ગ' શાખા | ૨૩૨૫૩૬૨૬ | ૨૧–૫– ૨૦૦૪ |
| ૨૮ | શ્રી એન.એલ.પંડયા | ગુજ.સ્ટેનો | ૨૩૨૫૩૬૩૦ | ૪–૧૦– ૨૦૧૦ |
| ૨૯ | શ્રી કે.એસ.લેઉવા | ગુજ.સ્ટેનો | ૨૩૨૫૬૩૩૨ | ૧–૮– ૨૦૧૧ |
| ૩૦ | શ્રીમતી એસ.બી.રાવળ | ઓફિસ આસીસ્ટન્ટ – રજીસ્ટ્રી શાખા | ૨૩૨૫૩૩૬૮ | ૮–૯– ૨૦૦૬ |
| ૩૧ | શ્રી વી.સી.ધોબી | ઓફિસ આસીસ્ટન્ટ–ખ શાખા | ૨૩૨૫૩૬૨૭ | ૨૪–૧– ૨૦૦૭ |
| ૩૨ | શ્રી ડી.એચ.ગઢવી | ઓફિસ આસીસ્ટન્ટ–ખ.૧ શાખા | ૨૩૨૫૬૩૩૦ | ૧૩–૭– ૨૦૦૭ |
| ૩૩ | શ્રી એન.પી.કોષ્ટી | ઓફિસ આસીસ્ટન્ટ – રજીસ્ટ્રી શાખા | ૨૩૨ ૫૩૩૬૮ | ૨૬–૧૦–૨૦૧૦ |
| ૩૪ | શ્રી એમ.સી.શાહ | ઓફિસ આસીસ્ટન્ટ–રોકડશાખા | ૨૩૨ ૫૩૬૨૪ | ૦૧–૦૧– ૨૦૦૯ |
| ૩૫ | શ્રીમતી હંસા આર.નાયક | ઓફિસ આસીસ્ટન્ટ–ક શાખા | ૨૩૨૫૩૩૬૮ | ૨૭/૨/૨૦૧૩ |
| ૩૬ | શ્રી કે.આર.રાવળ | પટાવાળા–વર્ગ–૪ | ૨૩૨૫૬૩૩૨ | ૧૮–૧–૧૯૯૦ |
| ૩૭ | શ્રી ડી.એમ.મકવાણા | પટાવાળા–વર્ગ–૪ | ૨૩૨૫૩૬૨૪ | ૨૭–૧–૧૯૯૩ |
| ૩૮ | શ્રી બી.એલ.ભુરીયા | પટાવાળા–વર્ગ–૪ | ૨૩૨૫૩૩૬૮ | ૨૫–૧–૧૯૯૩ |
| ૩૯ | શ્રી એમ.પી.મોદી | પટાવાળા–વર્ગ–૪ | ૨૩૨૫૩૬૩૦ | ૧–૫–૨૦૦૮ |
| ૪૦ | શ્રી આર.એસ.લેઉવા | પટાવાળા–વર્ગ–૪ | ૨૩૨૫૩૬૨૭ | ૨–૭–૨૦૦૯ |
| ૪૧ | શ્રી એમ.બી.લઢેલ | પટાવાળા–વર્ગ–૪ | ૨૩૨ ૫૩૬૨૬ | ૨–૪–૨૦૧૩ |
| ૪૨ | શ્રી અંજુ બી.વળવી | ડેટા એન્ટ્રી ઓપરેટર(ખ–શાખા) | ૨૩૨૫૩૬૨૭ | ૧૪–૮–૨૦૧૪ |
| ૪૩ | શ્રી વી.એચ.પટેલ | ડેટા એન્ટ્રી ઓપરેટર (ખ–૧ શાખા) | ૨૩૨૫૬૩૩૦ | ૧૪–૮–૨૦૧૪ |
| ૪૪ | શ્રી એ..બી.ઝાલા | ડેટા એન્ટ્રી ઓપરેટર(ગ–શાખા) | ૨૩૨ ૫૩૬૨૬ | ૧૪–૮–૨૦૧૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫ | શ્રી વૈશાલી પંડયા | ડેટા એન્ટ્રી ઓપરેટર(ગ–શાખા) | ૨૩૨ ૫૩૬૨૬ | ૧–૪–૨૦૧૫ |
| ૪૬ | શ્રી વિક્રાત એન.સુર્વે | ડેટા એન્ટ્રી ઓપરેટર(ક–શાખા) | ૨૩૨ ૫૩૩૬૮ | ૧/૪/૨૦૧૬ |
| ૪૭ | શ્રી એ.એલ.પરમાર | પેટા હિસાબનીશ (રોકડ–શાખા) | ૨૩૨૫૩૬૨૪ | ૧૨/૮/૨૦૧૫ |
| ૪૮ | કુ.એમ.ટી.બારોટ | પેટા હિસાબનીશ (ખ–શાખા) | ૨૩૨૫૩૬૨૭ | ૧૯/૩/૨૦૧૬ |
| ૪૯ | શ્રી જી.એમ.ચૌહાણ | પેટા હિસાબનીશ (રોકડ–શાખા) | ૨૩૨૫૩૬૨૪ | ૫/૪/૨૦૧૬ |

## :::નિયમ સંગ્રહ–૧૦ :::

## વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું

| ક્રમ | નામ | હોદ્દો | માસિક મહેનતાણું (બેઝીક) | વળતર/વળતર ભથ્થુ | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નકકી કરવાની પધ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૧ | **શ્રી અસિતભાઈ વોરા** | અધ્યક્ષ | ૪૭,૪૦૦/– | નિયમોનુસાર | નાણાં વિભાગનાં હુકમો મુજબ પગાર ભથ્થાં ચુકવવાના હોય છે. |
| ૨ | શ્રી એસ.આર.ઐયર | સભ્ય | ૪૬,૧૦૦/– | ––,,–– | ––,,–– |
| ૩ | શ્રી જે.એમ.ઝાલા | સભ્ય | ૨૩,૦૫૦/– | ––,,–– | ––,,–– |
| ૪ | શ્રી પી.ડી.પલસાણા | સચિવ | ૩૭,૬૩૦ /– | ––,,–– | ––,,–– |
| ૫ | શ્રી પી.એમ.ખાંટ | નાયબ સચિવ (તાંત્રીક પરીક્ષા) | ૨૦,૧૫૪/– | ફીકસ પગાર | ––,,–– |
| ૬ | શ્રી એ.બી.ગોહલિ | નાયબ સચિવ (ખાતાકીય પરીક્ષા) | ૧૮,૪૬૨ /– | ––,,–– | ––,,–– |
| ૭ | શ્રી એ.આર..રાવલ | નાયબ સચિવ(પરીક્ષા) | ૧૭,૧૮૪ /– | ––,,–– | ––,,–– |
| ૮ | શ્રી કે.આર.પરમાર | હિસાબી અધિકારી/ નાયબ સચિવ (મહેકમ)ઈન્ચાર્જ | ૩૪,૩૦૦ /– | નિયમોનુસાર | ––,,–– |
| ૯ | શ્રી એચ.એન.ત્રિવેદી | સેકશન અધિકારી (ક– શાખા) | ૨૫,૪૯૦ /– | ––,,–– | ––,,–– |
| ૧૦ | શ્રી આર.જે.સોલંકી | સેકશન અધિકારી (ખ– શાખા) | ૨૪,૫૦૦ /– | ––,,–– | ––,,–– |
| ૧૧ | શ્રી આર.આઈ.ઠકકર | સેકશન અધિકારી (ખ– શાખા) | ૨૪,૧૮૦ /– | ––,,–– | ––,,–– |
| ૧૨ | શ્રી કે.કે.પટેલ | સેકશન અધિકારી, (ખ– શાખા) | ૨૫,૦૪૦ /– | ––,,–– | ––,,–– |
| ૧૩ | શ્રી બી.વી.કંસારા | સેકશન અધિકારી, (ખ– શાખા) | ૧૭,૭૩૦/– | ફીકસ પગાર | ––,,–– |
| ૧૪ | શ્રી ડી.એન.ગામીત | સેકશન અધિકારી (ખ–૧ શાખા) | ૨૦,૯૯૦/– | નિયમોનુસાર | ––,,–– |
| ૧૫ | શ્રી એસ.કે.દાતણીયા | સેકશન અધિકારી, (ક શાખા) | ૧૫,૭૧૪ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૧૬ | શ્રી અજય દેસાઈ | સેકશન અધિકારી, ગ– શાખા | ૧૭,૬૮૮/– | ––,,–– | ––,,–– |
| ૧૭ | શ્રી પી.એચ.ઠકકર | નાયબ સેકશન અધિકારી,(ક શાખા) | ૨૫,૫૭૦ /– | નિયમોનુસાર | ––,,–– |
| ૧૮ | શ્રી આર.એ.વાઘેલા | નાયબ સેકશન અધિકારી, ક શાખા | ૧૫,૯૧૦ /– | ––,,–– | ––,,–– |
| ૧૯ | શ્રી એમ.જી.ડોડીયા | નાયબ સેકશન અધિકારી, (ખ– શાખા) | ૧૫,૯૧૦ /– | ––,,–– | ––,,–– |
| ૨૦ | શ્રી જે.પી.ચૌહાણ | નાયબ સેકશન અધિકારી, (ખ– શાખા) | ૧૪,૦૪૦ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૨૧ | શ્રી પી.ઓ.જાની | નાયબ સેકશન અધિકારી (ખ– શાખા) | ૧૫,૩૭૨/– | ફીકસ પગાર | ––,,–– |
| ૨૨ | શ્રી કે.એન.ગુર્જર | નાયબ સેકશન અધિકારી (ખ– શાખા) | ૧૩,૭૭૦ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૨૩ | શ્રી આર.આર.દાતણીયા | નાયબ સેકશન અધિકારી (ખ– શાખા) | ૧૫,૧૪૪ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૨૪ | શ્રી વી.એન. દેશમુખ | નાયબ સેકશન અધિકારી, (ખ.૧– શાખા) | ૨૧,૦૪૦ /– | નિયમોનુસાર | ––,,–– |
| ૨૫ | શ્રી આર.એન.નિનામા | નાયબ સેકશન અધિકારી, (ખ.૧– શાખા) | ૧૧,૪૦૦/– | ફીકસ પગાર | –,,–– |
| ૨૬ | શ્રી પી.જે.પંડયા | નાયબ સેકશન અધિકારી, ગ– શાખા | ૨૬,૯૮૦ /– | નિયમોનુસાર | ––,,–– |
| ૨૭ | શ્રી પી.જી.બારીયા | નાયબ સેકશન અધિકારી, ગ– શાખા | ૨૩,૨૪૦ /– | ––,,–– | ––,,–– |
| ૨૮ | શ્રી એન.એલ.પંડયા | ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨ | ૨૪,૯૮૦ /– | ––,,–– | ––,,–– |
| ૨૯ | શ્રી કે.એસ. લેઉવા | ગુજરાતી સ્ટેનો,ગ્રેડ–૨ | ૨૪,૯૮૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૦ | શ્રીમતી એસ.બી.રાવળ | ઓફિસ આસીસ્ટન્ટ, રજીસ્ટ્રી શાખા | ૧૩,૨૯૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૧ | શ્રી વી.સી.ધોબી | ઓફિસ આસીસ્ટન્ટ,ખ–શાખા | ૧૩,૨૯૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૨ | શ્રી ડી.એચ.ગઢવી | ઓફિસ આસીસ્ટન્ટ,ખ.૧ શાખા | ૧૪,૦૫૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૩ | શ્રી એન.પી.કોષ્ટી | ઓફિસ આસીસ્ટન્ટ– રજીસ્ટ્રી શાખા | ૧૬,૯૭૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૪ | શ્રી એમ.સી.શાહ | ઓફિસ આસીસ્ટન્ટ,રોકડ શાખા | ૧૮,૮૬૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૫ | શ્રીમતી હંસા આર.નાયક | ઓફિસ આસીસ્ટન્ટ,ક શાખા | ૧૦,૦૦૦/– | ફીકસ પગાર | ––,,–– |
| ૩૬ | શ્રી કે.આર. રાવળ | પટાવાળા (ચેરમેનના) | ૧૦,૮૯૦ /– | નિયમોનુસાર | ––,,–– |
| ૩૭ | શ્રી ડી.એમ. મકવાણા | પટાવાળા, રોકડ | ૧૦,૧૪૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૮ | શ્રી બી.એલ. ભુરીયા | પટાવાળા | ૧૦,૧૪૦ /– | ––,,–– | ––,,–– |
| ૩૯ | શ્રીએમ.પી.મોદી | પટાવાળા, (સચિવશ્રીના) | ૧૨,૬૭૦ /– | ––,,–– | ––,,–– |
| ૪૦ | શ્રી આર.એસ.લેઉવા | પટાવાળા | ૮,૯૭૦ /– | ––,,–– | ––,,–– |
| ૪૧ | શ્રી એમ.બી.લઢેલ | પટાવાળા | ૮,૬૭૦ /– | ––,,–– | ––,,–– |
| ૪૨ | શ્રી અંજુ.બી.વળવી | ડેટા એન્ટ્રી ઓપરેટર(ખ–શાખા) | ૧૦,૬૭૪ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૪૩ | શ્રી વી.એચ.પટેલ | ડેટા એન્ટ્રી ઓપરેટર (ખ–૧ શાખા) | ૧૦,૬૭૪ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૪૪ | શ્રી એ..બી.ઝાલા | ડેટા એન્ટ્રી ઓપરેટર(ગ–શાખા) | ૧૦,૬૭૪ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૪૫ | શ્રી વૈશાલી પંડયા | ડેટા એન્ટ્રી ઓપરેટર(ગ–શાખા) | ૧૦,૬૭૪ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૪૬ | શ્રી વિક્રાત એન.સુર્વે | ડેટા એન્ટ્રી ઓપરેટર(ક–શાખા) | ૧૦,૬૭૪ /– | ફીકસ પગાર | ––,,–– |
| ૪૭ | કુ.એમ.ટી.બારોટ | પેટા હિસાબનીશ (ખ–શાખા) | ૧૦,૦૦૦/– | ફીકસ પગાર | ––,,–– |
| ૪૮ | શ્રી એ.એલ.પરમાર | પેટા હિસાબનીશ (રોકડ–શાખા) | ૧૦,૦૦૦/– | ફીકસ પગાર | ––,,–– |
| ૪૯ | શ્રી જી.એમ.ચૌહાણ | પેટા હિસાબનીશ (રોકડ–શાખા) | ૧૨,૫૪૦/– | નિયમોનુસાર | ––,,–– |

## :::: નિયમ સંગ્રહ–૧૧ :::

## ફાળવાયેલ અંદાજપત્ર

૧. વિકાસ નિર્માણ અને તકનિકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર માટે.

આ કચેરી વિકાસ, નિર્માણ અને તકનિકી કાર્યો સાથે સંકળાયેલ નથી.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરમાટે નીચે મુજબ અંદાજપત્રની જોગવાઈ છે.

### નાણાકીય વર્ષ : ૨૦૧૫–૧૬

| ક્રમ | સદર | અંદાજપત્ર | મંજુર થયેલ અંદાજપત્ર | છુટી કરેલ ચુકવેલ રકમ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૫૧– જાહેર સેવા આયોગ,૧૦૩, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ | ૧૫,૯૯,૪૫,૦૦૦ | ૧૫,૯૯,૪૫,૦૦૦ | ૧૫,૯૯,૪૫,૦૦૦ | ૧૪,૬૬,૯૫,૦૦૦ |

નોંધઃ– (૧) રૂા.૧,૩૨,૫૦,૦૦૦/–બચત સુપ્રત કરેલ છે.

### વર્ષ : ૨૦૧૬–૧૭

| ક્રમ | સદર | અંદાજપત્ર | મંજુર થયેલ અંદાજપત્ર | છુટી કરેલ ચુકવેલ રકમ | કુલ ખર્ચ તા.૩/૬/૧૫ સુધી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૫૧– જાહેર સેવા આયોગ, ૧૦૩, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ | ૧૨,૧૩,૪૨,૦૦૦/– | ૧૨,૧૩,૪૨,૦૦૦/– | ૩,૦૩,૫૫,૦૦૦/– | ૬૯,૯૨,૦૦૦/– |

# :::: નિયમ સંગ્રહ–૧૨ ::::

સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ.

૧ આ કચેરી ધ્વારા કોઈ સહાયકી કાર્યક્રમોનો અમલ કરવાનો રહેતો નથી.

**સંસ્થાએ આપેલ રાહતો, પરમિટ કે અધિકૃતિ મેળવનારની વિગતો.**

**આ કચેરી ધ્વારા કોઈ રાહત, પરમિટ કે અધિકૃતિ આપવાની હોતી નથી.**

## વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી.

૧ મંડળની કચેરીની વેબસાઈટ તૈયાર કરવામાં આવેલ છે. જેનું એડ્રેસ નીચે મુજબ છે.

**http: // gsssb.guj.gov.in**

૨. મંડળની વેબસાઈટ ઉપર નીચે દર્શાવ્યા પ્રકારની માહિતી મુકવામાં આવેલ છે.

(૧) મંડળની કચેરીને લગતી માહિતી

(૨) ભરતી સંદર્ભે જરૂરી માહિતી

(૩) પરીક્ષા સંદર્ભે માહિતી

(૪) મંડળની આંકડાકીય માહિતી

(૫) માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ આપવાપાત્ર માહિતી

(૬) ઓનલાઈન અરજી અંગેની માહિતી

(૭) પરીક્ષાના પરિણામ અંગેની માહિતી

૩. મંડળ ધ્વારા કરવામાં આવતી સીધી ભરતી અન્વયે નેશનલ ઈન્ફર્મેટીક સેન્ટર,ગુજરાત ધ્વારા વિકસાવવામાં આવેલ " OJAS " સોફટવેર મારફત ઓનલાઈન એપ્લીકેશન સ્વીકારવામાં આવે છે. તેઓની વેબસાઈટનું એડ્રેસ નીચે મુજબ છે.

**http: // ojas.guj.nic.in**

જે ઉપરથી પણ

(૧) તાજેતરની નોકરીની જાહેરાત

(૨) આવનાર નોકરીની જાહેરાત અંગેની માહિતી સ્ક્રોલ કરવામાં આવે છે.

## :::: નિયમ સંગ્રહ–૧૫ :::

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલભ્ય સવલતોની વિગતો.

૧ લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનો,પધ્ધતિઓ અથવા સવલતો જેવી કે,

o વર્તમાન પત્રો :– આ મંડળ ધ્વારા સીધી ભરતી માટે અરજીઓ મંગાવતી જાહેરાત, પરીક્ષાનો કાર્યક્રમ, રુબરુ મુલાકાતનો કાર્યક્રમ, પરીણામની તારીખ, વગેરેની પ્રસિધ્ધિ વર્તમાનપત્રોમાં કરવામાં આવે છે.

ગુજરાત સરકાર ધ્વારા પ્રકાશિત રોજગાર સમાચાર તથા ગુજરાત સરકારની વેબસાઈટ ધ્વારા આ પ્રકારની માહિતી પ્રસિધ્ધ કરવામાં આવે છે.રાજયની જિલ્લા કલેકટર કચેરીઓ,તથા જિલ્લા રોજગાર અધિકારીઓની કચેરીઓ,તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,જિલ્લા પોલીસવડાની કચેરીઓ ધવારા પણ ભરતી અંગેની જાહેરાતની બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે. આમ મંડળ ધ્વારા શકય તેટલી રીતે ઉમેદવારોના હિતમાં જાહેરાત તથા આનુષાંગિક બાબતોની વ્યાપક પ્રસિધ્ધિ કરવામાં આવે છે.

o નોટીસ બોર્ડ :– મંડળ ધ્વારા સીધી ભરતી માટે અરજીઓ મંગાવતી જાહેરાત, પરીક્ષાનો કાર્યક્રમ, રુબરુ મુલાકાતનો કાર્યક્રમ, પરીણામની તારીખ, પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોના બેઠક નંબરની યાદી મંડળના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવે છે.

o કચેરી ગ્રંથાલય :– અસ્તિત્વમાં નથી.પરંતુ મંડળની કચેરી રીનોવેટ કાર્યક્રમમાં નવીન લાયબ્રેરીનું આયોજન કરેલ છે.

o નાટક અને શો પ્રદર્શનો :– આ કચેરીની કામગીરી જોતાં આ પધ્ધતિનો ઉપયોગ થઈ શકે તેમ નથી.

o કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ :– માહિતીના અધિકાર અધિનિયમ– ૨૦૦૫ની જોગવાઈઓ અનુસાર રેકર્ડ નિરીક્ષણ અને દસ્તાવેજોની નકલો પૂરી પાડવામાં આવે છે.

o ઉપલબ્ધ મુદ્રિત નિયમ સંગ્રહ :– આ કચેરીએ બહાર પાડવાનો હોતો નથી.

o જાહેર તંત્રની વેબસાઈટ :– મંડળ ધ્વારા પોતાની વેબસાઈટ લોંચ કરવામાં આવેલ છે. **http: // gsssb.gujarat.gov.in** જેની ઉપર મંડળ ધ્વારા આપવામાં આવનાર જાહેરાત તથા પરીક્ષાના પરિણામ અંગેની માહિતી પ્રસિધ્ધ કરવામાં આવશે .

## :::: <u>નિયમ સંગ્રહ–૧૬</u> ::::

### ૧ <u>ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના જાહેર માહિતી અધિકારીના નામ</u> : –

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની તાઃ ૩૦–૪–૨૦૧૦ ની યાદી ક્રમાંકઃ મકમ–૧૦૨૦૦૯–૫૮૨–ક થી નીચે પ્રમાણે જાહેર માહિતી અધિકારી અને એપેલેટ ઓથોરીટીની હોદ્દા જોગ નિમણુંક કરેલ છે.

### <u>જાહેર માહિતી અધિકારી</u> :–

| અ. નં. | નામ | હોદ્દો | એસટીડી કોડ નંબર | ફેકસ | ઈ–મેઈલ | સરનામું |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પી.એમ.ખાંટ | નાયબ સચિવ (તાંત્રિક પરીક્ષા) | ૦૭૯– ૨૩૨ ૫૩૬૨૮ | ૦૭૯ ૨૩૨૫૬૩૩૨ | – | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૪, પ્રથમ માળ, ડો. જીવરાજ મહેતા ભવન,સેકટર–૧૦, ગાંધીનગર |
| ૨. | શ્રી એ.બી.ગોહિલ | નાયબ સચિવ (ખાતાકીય પરીક્ષા) | ૦૭૯– ૨૩૨ ૫૩૬૨૨ | ૦૭૯ ૨૩૨૫૬૩૩૨ | – | ,,–,, |
| ૩. | શ્રી એ.આર.રાવલ | નાયબ સચિવ (પરીક્ષા) | ૦૭૯– ૨૩૨ ૫૭૩૦૪ | ૦૭૯ ૨૩૨૫૬૩૩૨ | – | ,,–,, |
| ૪. | શ્રી કે.આર.પરમાર | હિસાબી અધિકારીશ્રી | ૦૭૯– ૨૩૨૫૩૬૨૩ | ૦૭૯ ૨૩૨૫૬૩૩૨ | – | ,,–,, |
| ૫. | શ્રી કે.આર.પરમાર | ઈન્ચાર્જ નાયબ સચિવ (મહેકમ) | ૦૭૯– ૨૩૨૫૩૬૨૩ | ૦૭૯ ૨૩૨૫૬૩૩૨ | – | ,,–,, |

### : – <u>ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના એપેલેટ અધિકારી</u> : –

| અ. નં. | નામ | હોદ્દો | એસટીડી કોડ નંબર | ફેકસ | ઈ–મેઈલ | સરનામું |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પી.ડી.પલસાણા | સચિવ | ૦૭૯–૨૩૨ ૫૩૬૩૦ | ૦૭૯ ૨૩૨૫૬૩૩૨ | – | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,બ્લોક નં.૪, પ્રથમ માળ, ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર–૧૦, ગાંધીનગર |

## ::: નિયમ સંગ્રહ–૧૭ :::

### અન્ય ઉપયોગી માહિતી

૧ માહિતી મેળવવા અંગે.

- o અરજીપત્રક – નમુનાઃ–ક માં અરજદારે અરજી કરવાની રહે છે.
- o ફીઃ–રૂા. ૨૦/–(બી.પી.એલ.ના અરજદારોને ફી માંથી મુકિત છે.)
- o માહિતી મેળવવા માટેની અરજી કઈ રીતે કરવી કેટલીક ટિપ્પણ – માહિતી અધિકારી મદદ કરશે.
- o માહિતી આપવાનો ઈન્કાર કરવામાં...
  નાગરિકે નમુનાઃ–અ મુજબ આ કચેરીના સચિવશ્રીને અપીલ અરજી કરવાની રહેશે.
- o માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ વર્ષઃ–૨૦૧૪–૧૫માં મળેલ અરજીઓ અને અપીલોની વિગત નીચે મુજબ છે.

| | ઉઘડતી સિલક તા.૧/૪/૨૦૧૪ | વર્ષ દરમ્યાન મળેલ | તબદીલ કરેલ કેસો | અસ્વીકાર કરેલ અરજીઓ/અપીલો | સ્વીકાર કરેલ અરજીઓ/અપીલો |
|---|---|---|---|---|---|
| અરજીઓ | ૦૭ | ૨૦૮ | ૧૩ | – | ૧૯૯ |
| અપીલો | ૦૩ | ૧૭ | – | ૧૭ | – |

o (૧) માહિતી અધિકાર અધિનિયમ અન્વયે મંડળ ધ્વારા લેવામાં આવતી તમામ પ્રકારની સીધી ભરતી/ખાતાકીય પરીક્ષાઓના ઉમેદવાર ધ્વારા પોતાની ઉત્તરવહી/ઓ.એમ.આર.ની જાત તપાસણી માટે રજૂઆત કરે તો ઉમેદવારને જાત તપાસણી માટે પરવાનગી આપવાની રહેશે. તદુપરાંત ઉમેદવાર ધ્વારા ઉત્તરવહી/ઓ.એમ.આર.ની પ્રમાણિત નકલ માંગવામાં આવે તો તે નિયત ફી ભર્યેથી આપવાની રહેશે.

(૨) માહિતી અધિકાર અધિનિયમ અન્વયે મંડળ ધ્વારા લેવામાં આવતી તમામ પ્રકારની સીધી ભરતી/ખાતાકીય પરીક્ષાઓના ઉમેદવાર ધ્વારા સંબંધિત પ્રશ્નપત્રની આન્સર કી ની નકલ માંગવામાં આવે તો તે નિયત ફી ભર્યેથી આપવાની રહેશે.

૨ જાહેર તંત્ર ધ્વારા લોકોને અપાતી તાલીમની બાબતમાં
અત્રેથી કોઈ તાલીમ આપવામાં આવતી નથી.

૩ નિયમ સંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ–૧ કરાયેલ હોય તેવા જાહેર તંત્રએ આપવાનાં પ્રમાણપત્ર, ના–વાંધા પ્રમાણપત્ર
આ કચેરીએ કોઈ પ્રમાણપત્ર કે "નાં વાધા પ્રમાણપત્ર" આપવાના હોતા નથી.

૪ નોંધણી પ્રક્રિયા અંગે :–
અત્રેથી કોઈ નોંધણી કરવાની કામગીરી કરવાની

૫ જાહેર તંત્રે કર ઉઘરાવવા અંગે :– હોતી નથી.
આ કચેરીએ કોઈ કર ઉઘરાવવાનો હોતો નથી.

૬ વિજળી / પાણીના હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે.
આ કચેરીને લાગુ પડતું નથી.

૭ જાહેર તંત્ર ધ્વારા પુરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત.
આ કચેરી ધ્વારા કોઈ સેવાઓ પુરી પાડવામાં આવતી નથી.